

આમ તો ઉનાળુ વૅકેશનની મોસમ એટલે અભ્યાસ છોડીને મુક્તપણે રમવાની ને ટીવી જોવાની મોસમ. પરંતુ, ગાંધીનગરમાં વસતાં બાળકો માટે આ વ્યાખ્યા અનુરૂપ નથી. અહીં તો બાળકો વૅકેશનમાંય અભ્યાસ કરે છે. અલબત્ત, કલાનો અભ્યાસ કરે છે. અને આ અભ્યાસની મોસમ અત્યારે ગાંધીનગરમાં પૂરબહારમાં ખીલી છે. પ્રસ્તુત તસવીર આવા જ સર્જનશીલ બાળકોની છે, જેઓ જી ઈ ક્લબ અને પ્રેરણા વિદ્યાલય દ્વારા આયોજિત કલા તાલીમ શિબિરમાં તાલીમ લઈ રહ્યાં છે. કરાટે, કથ્થક, તબલાંવાદન, નાટક, વેસ્ટર્ન ડાન્સ અને ચિત્રકલાની તાલીમ અહીં બાળકો ઉત્સાહભેર મેળવી રહ્યા છે. તાલીમ બાદ એમનું સ્ટેજ પરફોર્મન્સ પણ થશે, જેના માટે પણ અત્યારથી જ બાળકો પ્રૅક્ટીસમાં લાગી ગયા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક ગુરૂવારે યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને તા. ૭-૫-૨૦૧૫ને ગુરૂવારના રોજ સંસ્થાના કાર્યાલય, સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સેકટર-૨૨ ખાતે સાંજે ૫-૦૦ વાગે મળશે. આ બેઠકમાં ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા પેન્શનર સભ્યોના ધો-૧ થી ૯માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ પૌત્ર-પોત્રીઓને સન્માન કરવાના કાર્યક્રમના આયોજન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. તે સાથે અન્ય અગત્યના મુદ્દાઓની ચર્ચા વિચારણા થશે. બેઠકમાં સર્વે પદાધિકારીઓ અને કારોબારી સભ્યોએ અચુક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

## પીંપળજની યુવતીનો દોઢ માસથી કોઈ પત્તો નથી

ગાંધીનગર નજીક સ્થિત પીંપળજી ગામમાં રહેતી ૨૫ વર્ષીય યુવતી લતા રામાભાઈ દંતાણી ૨૧ માર્ચે રાત્રે ઘરેથી કોઈને કાંઈ કહ્યા વિના નીકળી હતી અને આ વાતને દોઢ માસથી વધુ સમય થઈ ગયો તેમ છતાં તેણીનાં કોઈ સગડ મળતા નથી. પરીવારજનોએ કરેલી શોધખોળને અંતે પણ કોઈ પરિણામ ન મળતા પેથાપુર પોલીસનો સંપર્ક કર્યો છે. પેથાપુર પોલીસે ગુમ થનાર યુવતીનાં પિતાની અરજીને આધારે જાણવા જોગ લઈ શોધખોળ શરુ કરી છે.

# સેક્ટર-૨૯ જલારામ મંદિર સામે મધરાતે ટ્રાન્સફોર્મરમાં આગ લાગી

## આસપાસના મકાનોમાંથી પરિવારજનોને તકેદારીના ભાગરૂપે બહાર નિકાળવા પડ્યા : પાણીથી આગ કાબુમાં ન આવતા ફોર્મનો મારો ચલાવવો પડ્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના સે. ૨૯ જલારામ મંદિર સામે શોપીંગ પાસે સ્થિત ઓઈલ ટ્રાન્સફોર્મરમાં મધરાતે અચાનગ આગ ભભુકી ઉઠી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ થતા કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને તકેદારીના ભાગરૂપે નજીકમાં સ્થિત સરકારી આવાસોમાંથી પરિવારજનોને ઘરની બહાર કઢાવી દીધા બાદ આગને કાબુમાં લેવા પાણીનો મારો ચલાવ્યો હતો. જો કે પાણીથી આગ કાબુમાં ન આવતા અંતે ફોર્મનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. સદ્‌ભાગ્યે કોઈ મોટુ નુકશાન કે જાનહાની આ આગ દુર્ઘટનામાં થવા પામી ન હતી.

મળતી માહિતી મુજબ રાત્રે દોઢેક વાગ્યાના અરસામાં સેક્ટર-૨૯ જલારામ મંદિર રોડ, શોપીંગ સામે સરકારી આવાસો નજીક સ્થિત ૧૧ કિલોવોટના ઓઈલ ટ્રાન્સફોર્મરમાં આગ લાગી હતી. જે અંગે ગાંધીનગર પોલીસ કંટ્રોલમાં કોલ જતા તાત્કાલિક ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયરબ્રિગેડના ચિનુભાઈ પટેલ તથા તેમની ટીમનો કાફલો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને આસપાસના મકાનો ખાલી કરાવીને આગ કાબુમાં લેવા પાણીનો મારો શરૂ કરી દીધો હતો. જો કે ઓઈલ ટ્રાન્સફોર્મર હોવાથી આગ બુઝાવવા પાણી કામ ન કરતુ હોવાથી કેમીકલ ફોર્મનો મારો કરવો પડ્યો હતો. ૪ કેમીકલ ફોર્મના કેરબાનો ઉપયોગ કરી આગ કાબુમાં લઈ લેવાઈ હતી. સદ્‌નસીબે કોઈને ઈજા કે જાનહાની ઉપરાંત મોટી માનહાની પણ થવા પામી ન હતી. પરંતુ આ ઘટનામાં ઓઈલ ટ્રાન્સફોર્મર બળીને ખાખ થઈ ગયુ હતુ.



ઈન્ડિયન રેડક્રોસ ગાંધીનગર બ્રાન્ચ અને જુસીકાના સંયુક્ત ઉપક્રમે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી સે. ૭ ખાતે એક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નીમાવત)

# જીઆડીસીમાં ફેક્ટરીમાંથી ૮૮૫ કિલો કલાઈની ચોરી..!

## સેક્ટર-૨૬ સ્થિત જીઆઈડીસીમાં ત્રાટકેલા ઘરફોડીયા રૂ. ૮ લાખનો માલ ઉઠાવી ગયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરની સે. ૨૬ ખાતે સ્થિત જીઆઈડીસીમાં કલાઈની ફેક્ટરીમાં ગત રાત્રી દરમ્યાન ઘરફોડીયા ત્રાટક્યા હતા. ફેક્ટરીમાંથી ૮૮૫ કિલો કલાઈનો જથ્થો ફેક્ટરીનો દરવાજો તોડીને રૂ. ૮ લાખના મત્તાની કલાઈ ચોરી કરી ટોળકી ફરાર થઈ જવા પામી છે. સે. ૨૧ પોલીસે ફેક્ટરી માલીકની ફરીયાદને આધારે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સે. ૨૬ જીઆઈડીસીમાં સે. ૨૭ આનંદનગર ખાતે રહેતા સુરેશભાઈ શંભુસિંહ જૈનની કલાઈની ફેક્ટરી આવેલી છે. ૩જી મે સાંજે પાંચ વાગ્યે આ ફેક્ટરી બંધ કર્યા બાદ ૪થી મે સવારે ૧૧ વાગે ફેક્ટરી ખોલવા ગયા ત્યાં સુધીના સમયગાળામાં તેમની બંધ ફેક્ટરીને તસ્કરોએ ટાર્ગેટ બનાવી દીધી હતી. ફેક્ટરીના કમ્પાઉન્ડમાં બાકોરૂ પાડીને દરવાજો તોડી ફેક્ટરીમાંથી ૮૮૫ કિલો કલાઈ ઉપાડી તસ્કર ટોળકી ફરાર થઈ ગઈ હતી. રૂ. ૭,૯૬,૫૦૦ની કિંમતની કલાઈ ચોરી અંગે સે. ૨૧ પોલીસ મથકમાં ફેક્ટરી માલીકે ફરીયાદ આપતા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

## આંતરરાષ્ટ્રીય પુષ્ટી માર્ગીય વૈષ્ણવ પરિષદની કારોબારી સમિતિની વરણી

ગાંધીનગર, તા. ૫

આંતરરાષ્ટ્રીય પુષ્ટી માર્ગીય વૈષ્ણવ પરિષદની ગાંધીનગર શાખાની મીટીંગ તાજેતરમાં મળી હતી.જેમાં આગામી બે વર્ષ માટે નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી.

પરિષદની નવી કારોબારીમાં પ્રમુખપદે રસીકભાઈ ગાંધી, ઉપપ્રમુખપદે કનુભાઈ શાહ અને એમ. એમ. શાહની સંયુક્ત વરણી કરાઈ હતી. આ ઉપરાંત ખજાનચીપદે કીરીટભાઈ સોની, સંગઠન મંત્રીપદે બી.ડી. શાહ, સહમંત્રી પદે ચંદ્રકાન્ત અડાલજાની વરણી કરાઈ હતી. કારોબારી સભ્યોમાં રાહુલભાઈ કડકીયા, જયેન્દ્રભાઈ પરીખ, ગુણવંતભાઈ શાહ, ડી.એફ. શાહ, એચ.બી. શાહ, રસીકભાઈ પરીખ, જીતેન્દ્ર ગાંધી, જે.એસ. પરીખ, મહેશભાઈ સોની અને દેવેન્દ્રભાઈ ગાંધર્વની નિમણુંક કરવામાં આવી હતી.

## ચિલોડા સર્કલથી વિદેશી દારૂ ભરેલી એસ્ટીમ કાર પકડાઈ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક ચિલોડા પાસેથી દારૂ ભરેલી કાર પસાર થઈ રહી હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસે વોચ ગોઠવી આજે સવારે જીજે-૧ એચ.સી. ૩૫૮૯ નંબરની એસ્ટીમ કાર પકડી પાડી હતી. કારમાં તપાસ કરતાં ૧૩૨ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે રૂ.૩૯,૭૦૦નો દારૂ તથા કાર મળી કુલ રૂ. ૨,૩૯,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરી નિકોલના ઉપેન્દ્ર ઈશ્વર પ્રજાપતિ અને બાપુનગરના પ્રદિપ કોડીદાસ પટેલની ધરપકડ કરી લીધી છે.

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા શિસ્ત સમિતિની રચના કરાઈ

ગાંધીનગર, તા.૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રદેશ શિસ્ત સમિતિની રચના કરવામાં આવી છે. આ શિસ્ત સમિતિમાં નટવરસિંહ મહિડાના અધ્યક્ષપદે વરિષ્ઠ અને અનુભવી આગેવાનોનો સમાવેશ કરાયો છે.

શિસ્ત સમિતિમાં ડૉ. કરશનદાસ સોનેરી, ઉષાબેન ઠક્કર, સિરાજુદ્દીન કાઝી, બાલુભાઈ પટેલ, રાજકુમાર ગુપ્તા અને સુખરામ રાઠવાનો સમાવેશ કરાયો છે. શિસ્ત સમિતિની રચનાથી સંગઠનની અસરકારકતા વધે અને પ્રજામાં કોંગ્રેસ પક્ષની વિચારધારા વધુ ફેલાય તે હેતુથી પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ કોંગ્રેસ પક્ષના વિચાર મંચના કો-ઓર્ડિનેટર તરીકે ઉમાકાંત માંકડની નિમણુંક કરી છે.

## શહેરમાં બુધ્ધ જયંતિએ ભવ્ય શોભાયાત્રા નીકળી

ગાંધીનગર, તા.૫

વૈશાખી પૂર્ણિમા મહામાનવ ભગવાન બુધ્ધની જન્મજયંતિની ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ અનૂસૂચિત જાતિ સેલ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં બેન્ડવાજા તેમજ ભગવાન બુધ્ધના સૂત્રોચ્ચાર સાથે ભવ્ય શોભાયાત્રા શહેરભરમાં નીકળી હતી. જેમાં અસંખ્ય ભાવિકો જોડાયા હતા.

આ શોભાયાત્રામાં મૂળચંદભાઈ રાઠોડ, એલ.એન. પરમાર, ખોડિદાસ પરમાર, રામાભાઈ પરમાર, શહેનાઝબાનુ રાઠોડ, રણજીતભાઈ પરમાર, નરેશભાઈ પરમાર, અનિલભાઈ પરમાર સહિત અનેક આગેવાનો જોડાયા હતાં.

## ટ્વીન ડિસ્ટ્રીક્ટ પંચાયત એમઓયુ કરવા તૈયારી

અમદાવાદ, તા.૫

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે બુધવાર તા. ૬ મે, ૨૦૧૫ના રોજ વટવા વિધાનસભામાં વિસ્તારમાં રૂપિયા ૨૦ કરોડના વિકાસ કામોનું લોકાપર્ણ અને ખાતમૂહર્ત કરશે. કાયદા મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ દત્તક લીધેલ ગામ વાંચ અને વટવા વિધાનસભા વિસ્તારમાં જિલ્લા પંચાયત શહેરી વિકાસ મંડળ તથા વાસ્મો દ્વારા અમલી થનાર વિકાસના વિવિધ કામોના લોકાર્પણ-ખાતમૂહર્ત કાર્યક્રમમાં મંત્રી વસુબહેન ત્રિવેદી, મંત્રી પ્રદિપસિંહ જાડેજા ઉપસ્થિત રહેશે. આ કામોમાં વટવા વિધાનસભામાં વાંચથી હાથીજણ, બીબીપુરાથી મેમદપુરા, ગત્રાડને જોડતાં રસ્તાના કામોના ખાતમુહર્ત, વાંચ ગામે ત્રણ આંગણવાડીના મકાન, બીબીપુરા ગામે ગ્રામપંચાયત ઘર તથા સીંગરવા તળાવ અને બગીચાના કામનું લોકાર્પણ સીંગરવા ટી.પી.સ્કીમ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની લાઈન અને રાષ્ટ્રીય ગ્રામીણ પેય જલ યોજના કાર્યક્રમ અંતર્ગત વાંચ ગામની પાણીપુરવઠા યોજનાના કામનું ખાતમુહર્તના કામોનો સમાવેશ થાય છે. વિવેકાનંદનગર ખાતે પોલીસ સ્ટેશનના શુભારંભની સાથે અમદાવાદ જિલ્લા પંચાયત દ્વારા જ્ઞાનસેતુ પ્રોજેક્ટ, ડેક્યુમેન્ટરી અને બ્રોશરનું વિમોચન, શૈશવસેતુ પ્રોજેક્ટ, ગર્ભસંસ્કાર પ્રોજેક્ટ અને પુસ્તિકા, ૧૦૪ ફીવર હેલ્પલાઈનના શુભારંભ તથા ગ્રામસેતુ માસિક મુખપત્ર અને સ્વાસ્થ્યસેતુ પુસ્તિકાનું વિમોચન પણ કરાશે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧


# ધગધગતી ગરમીમાં લોકોની મજબુરીનો લાભ ઉઠાવતા પાણી પાઉચના વેચાણકર્તા

## ૭૦ થી ૮૦ પૈસાની પડતરનું પાઉચ રૂ. ૨ માં વેચાય છે, ઉત્પાદનકર્તા અને વેચાણકર્તાની સાંઠગાંઠે લોકોનો મરો

ગાંધીનગર, તા. ૫

ઉનાળાની શરૂઆતથી જ પાણીના પોકારો શરૂ થઈ જતાં હોય છે. જેમાં પીવાના પાણીની ભારે સમસ્યા રહે છે અને તેથી જ નિઃશુલ્ક પાણીની પરબોના સેવાશ્રમ ઠેર ઠેર શરૂ થઈ જાય છે અને માનવતા પ્રસરાવે છે. તો બીજી તરફ તકવાદી લોકો મજબુરીનો લાભ ઉઠાવવાનું ચુકતા નથી. જેના જવલંત દાખલા હાલ જોવા મળી રહ્યા છે. ધગધગતી ગરમીમાં લોકો તરસ છીપાવવા પાણીના પાઉચ ખરીદતા હોય છે, પરંતુ આ પાઉચ લોકોને ખુબ જ મોંઘા પડી રહ્યા છે. ઉત્પાદનકર્તા અને વેચાણ કર્તાની સાંઠગાંઠ થકી ૭૦ થી ૮૦ પૈસાની પડતરવાળુ પાઉચ રૂ. ૨ માં વેચાય છે. અને આ પાઉચ ઉપર પ્રિન્ટ પણ રૂ. ૨ રાખી ઉત્પાદનકર્તા લોકોના ખીસ્સા ઉપર તરાપ મારવામાં પૂરો સહકાર આપી રહ્યાનું ચિત્ર ઉપસી આવ્યુ છે. જેથી લોકોમાં પાણીના લેવાતા અઢળક મુલ્ય માટે રોષ જોવા મળી રહ્યો છે.

કાળઝાળ ગરમીમાં પીવાના પાણીની સૌથી વધુ માંગ રહે છે. જેથી પાણીની પરબો તેમજ પાઉચ અને બોટલો થકી લોકો પોતાની તરસ છીપાવે છે. જો કે ઉનાળામાં ખાસ કરીને પરબો વધુ જોવા મળે છે છતાં પણ જો મજબૂરીથી પાણીનું પાઉચ કે બોટલ ખરીદવામાં આવે તો પાણીનો પણ ધંધો થઈ ગયો હોય તેવો અહેસાસ થાય છે. હાલ બજારોમાં




વેચાતા પાણીના પાઉચનો કરોડોનો વેપાર થઈ રહ્યો છે. આ વેપાર એ લોકોના ખિસ્સા ઉપર ફરેલી રીતસર કાતર જ બન્યો છે. એકબાજુ નિઃશુલ્ક પાણીની પરબોના સેવાશ્રય ચાલે છે ત્યારે પાણી પાઉચના ઉત્પાદકો પાઉચ ઉપર રૂ. ૨ ની પ્રિન્ટ કરી વેચાણકર્તાઓને જથ્થાબંધ ભાવે આપે છે. જેમાં ડબલ ઉપરાંતનો નફો મેળવાય છે અને વેચાણકર્તા નંગ ઉપર નફો રળે છે. જ્યારે ઉત્પાદનકર્તા ટર્ન ઓવર ઉપર નફો રળી લે છે. જો કે આ પાઉચને ઠંડા કરવા માટે લવાતો બરફ કે અન્ય વ્યવસ્થાનો ખર્ચ થાય છે. છતાં પણ લોકોની મજબુરીનો અનેક ગણો ગેરલાભ ઉઠાવાઈ રહ્યો હોવાનું લાગી રહ્યું છે.

વેચાણ થઈ રહેલા આ પાઉચ ગુણવત્તાયુક્ત હોવાની કોઈજ ખાતરી મળતી નથી. સિવાય અધિકૃત કંપનીના પાઉચ હોય તો. છતાં પણ લોકોના આરોગ્ય સાથે ચેંડા થઈ રહ્યા છે. ગાંધીનગર સહિત રાજ્યભરમાં ધમધોકાર આ વેપલો ચાલી રહ્યો છે. પરંતુ તંત્ર દ્વારા આજદિન સુધી આવા અનઅધિકૃત એકમો ઉપર દરોડા પાડ્યા હોય તેવા કોઈ જ કિસ્સા બન્યા નથી. જેથી લોકોમાં અનેક શંકા કુશંકા સેવાઈ રહી છે. લોકોની મજબુરીનો લાભ ઉઠાવતા આવા લોકો વિરૂદ્ધ તંત્રએ ઉદાહરણરૂપ કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

## રાયપુર સાયફનમાંથી એક યુવતીનો મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક રાયપુર સાયફનના પાણીમાંથી આજે સવારે આશરે ૨૦થી ૨૫ વર્ષની વયની બિનવારસી યુવતીનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. કેનાલ સિક્યુરીટી ગાર્ડે પોલીસને જાણ કરતાં ડભોડા પોલીસ મથકના જમાદાર બાબુભાઈ બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ બહાર કઢાવી પોસ્ટ મોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતક યુવતીની ઓળખ માટે તથા તેના વાલીવારસ શોધવા તજવીજ શરુ કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫
સૂર્યાસ્ત : ૭.૧૦

## તાપમાન

મહત્તમ : ૪૨.૩ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૪ ટકા ● સાંજે ૧૭ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સ્ક્રીન-૩ :**
જય હો ડેમોક્રસી : ૯.૪૫
બે યાર : ૧૨.૦૦
ધરમ સંકટ મેં : ૩.૦૦
કાગઝ કે ફૂલ (હિન્દી) : ૫.૪૫
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

**સ્ક્રીન-૪ :**
જય હો ડેમોક્રસી : ૧૦.૪૫

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**
ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૨.૧૫, ૭.૪૫

**સ્ક્રીન-૨ :**
ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**
એવેન્જર્સ ૨ (ઈંગ્લીશ) : ૭.૦૦
એવેન્જર્સ ૨ (હિન્દી) : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
સબકી બજેકી બેંડ : ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦
મિ.એક્સ : ૫.૧૫
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૪૫
ધરમ સંકટ મેં : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**
ગબ્બર ઈસ બેક : ૧૦.૦૦, ૫.૦૦

## આપની આજ

**મેષ** : સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

**વૃષભ** : ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે. કોઈની બાબતમાં અન આવશ્યક હસ્તક્ષેપ ન કરવો.

**મિથુન** : સત્સંગમાં ભાગ લેવાનું થશે. પૂર્વમાં કરેલા કાર્યોનું પરિણામ પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**કર્ક** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થશે. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : આર્થિક રોકાણ વિચારીને કરવું. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**મકર** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**કુંભ** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

**મીન** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં ઉન્નતિ થશે. કોઈ અગત્યના કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

## ચિરવિદાય

- સ્વ. રમેશભાઈ તોલારામ મસંદ (ઉ.વ.૭૪) પ્લોટ નં. ૧૦૪૧/૨, સેકટર-૬સી, ગાંધીનગર
- સ્વ. અમરતભાઈ પોપટભાઈ ઠાકોર (ઉ.વ.૩૬) મુ. બાસણ, તા.જી. ગાંધીનગર
- સ્વ. મહેન્દ્રભાઈ છોટાલાલ પટેલ (ઉ.વ.૭૮) પ્લોટ નં. ૪૭૯/૨, સેકટર-૨૬, ગાંધીનગર